ચા પીઓછો કે લોહી ?

પ્રકાશક રત્ન દિપક નડીઆદ.
ડાહ્યાભાઈ આમરભાઈ. પટેલ
પ્રત ૫૦૦૦. પ્રથમાવૃતિ:
કિંમત. એક પૈસો.

ચહાનો પ્યાલો

મણિલાલે ઓરડામાંથી આવતા ડાહીગવરીને કહ્યું. કેમ:— આજે હજી કાંઈ ચહા બાનું ઠેકાણું નથી ?

ડાહીગવરી—કુવામાં પડી એ ચહા, મારે તો હવે એ ઘરમાંજ ન જોઈયે.

મણીલાલ—તે દીવસે આપણે કથામાં વાંચેલું કે ચહાથી શરીરને નુકશાન પહોંચે છે, પણ ટેવ પડી તેનું શું કરીએ ?

ડાહીગવરી—પણ શું લોહી પીવાની ટેવ ?

મણીલાલ—લોહી કેમ કરીને કહેવાય ?

ડાહીગવરી—તો લ્યો, વાંચો, આ આજેજ "વૈદ્યકલ્પતરૂ"માં આવેલો લેખ.

મણીલાલે તે લેખ વાંચ્યો તો નીચે પ્રમાણે હતો

"કેમ ચહાથી ટેવા[illegible] વાંચક ! આવે છે કાંઈ વિચાર ? ગાંધીજી સુચવે છે તેમ ઘઉંને ખુબ શેકી ખાંડીને કરેલું ચુરણ ચહાને બદલે વાપરીને દેશી ખાંડ નાખીને પીવાય તો ન ચાલે ? આ પણ એ ટેવ ન છોડી શકે તેને માટેજ છે. બાકી તો ઉનું પાણી [illegible] પણ આંતરડાંને નબળાં પાડવાનું છે.

"એ હતભાગી હિન્દ ! તેં વિદેશીઓની નકલ કરવાની [illegible]ની એટલી હદ ઓળંગી છે કે તેનો અટકાવ કરવા [illegible] વિદેશીઓની નીતિરીતિની નકલો કરવામાં નાગણી પ્રવૃત્તિ [illegible] છે કે તું સ્વાત્મા-[illegible] વિલંબ લાગશે. [illegible] નિર્વીર્ય દેશી મગજો એટલી હદ ઉપર [illegible]

ભિમાન, દેશાભિમાન, આત્મ ગૌરવ સર્વને છેક ભુલી ગયા છે.

" ચાહ જેવી એક ક્ષુદ્ર ચીજે આપણને નિર્લજ બનાવ્યા છે. તે ઝેરી છે અને કોઇ પણ તેને ફાયદાકારક નથી એમ જાણ્યા છતાં આપણે હોંસે હોંસે તે પીએ છીએ; એટલુંજ નહી પણ આપણી હીનતાનુ પ્રદર્શન એટલે સુધી ખુલ્લું કરીએ છીએ કે છેવટ તેને સ્વદેશી અને બહિષ્કારના મેળાવડાઓ અને મંડળીઓ જમાવે છે તે બધુઓ પણ ત્યાં આ ચાહની " ટીપાર્ટી " આપે છે !

" જો ભારત વર્ષને ચાહનું વ્હેંઝું (ભુત) ન વળગ્યું હોત તો વિદેશી ખાંડ આટલી બધી પ્રચલિત થાત નહી. ખરૂં જોતાં ખાંડનો મુખ્ય વપરાસ આ ડાકણી ચાહનેજ આભારી છે. એ રીતે ચાહે આપણાં ખીસ્સાં ઉપર જબરો બોજો નાંખ્યો છે અને ધર્મથી વિમુખ કર્યા છે ને વાત સમજ્યા પછી ચાહને સ્વદેશી કહીને વધાવી લેવી તે શું શરમ ભરેલું નથી ?

આટલેથીજ ચાહની ખરાબી પૂર્ણ થતી નથી. ચાહ હીંદુસ્તાનમાં પાકે છે એ વાત ખરી છે; પણ તેના ખેડુતો કોણ છે ? તે ચાહ કેવી રીતે પકવવામાં આવે છે ? કોના લોહીના ભોગે કોણ પૈસા મેળવે છે ? અને એવી રીતે થતા માતબર બગીચા વાળાઓની નીચતા કેટલી હદ સુધી પહોંચી છે, તેનો ચાહના વાપરનારાઓએ અને સ્વદેશી ચીજ તરીકે ચાહનાં વખાણ કરનારાઓએ કદી વિચાર કર્યો છે ?

" મુસાફર " નામના માસિકનો સને ૧૯૨૦ ના સપ્ટેમ્બરના અંકનો એક લેખ અમે તમને ભેટ કરીએ છીએ તે લેખ નીચે

પ્રમાણે છે:—

" ચાહ બનાવવાના બગીચા આસામ નીલગિરી જેવા પ્રદેશોમાં ઘણા છે. ને બગીચાના માલીકો લગભગ સઘળા અંગ્રેજ્જ છે. આ ચાહ ઉગાડવા ઉછેરવાના અને તેને તૈયાર કરવાના કામ ઉપર જે મજુરો છે તે સઘળા હીંદી મજુરોજ છે. તે મજુરોની સખ્ત મહેનતવડે કરોડો રૂપીયાનો નફો મળે છે; પરંતુ જ્યારે એ ચાહ પાછળ મહેનત કરનાર કુલી મજુરોની સ્થિતિ ત્યાં જઈ જોવામાં આવે છે ત્યારે તેમની એટલી બધી દયા આવે છે કે આ મજુરો આવા દુઃખમાંથી કયારે છુટે ? જીવતા જીવોને પૃથ્વી ઉપરજ નરકજ યાતના ભોગવવાની હોય તો તે આ આસામના ચાહના બગીચાના મજુરોના નસીબમાંજ છે ! આ મજુરોને હંમેશાં શરદીવાળી ને ગંદી જગ્યામાં રહેવું પડે છે. તેમને ખાવા માટે એવા ખરાબ ચોખા મળે છે કે તેમનું પેટ હંમેશાં દુખ્યા કરે છે. આવું હલકું અનાજ ખાવા છતાં તેઓને રોજ કેટલું કામ કરવું પડે છે તે તપાસીએ. પુરૂષોને ૨૫૦ હાથ લાંબી અને ૧૬ હાથ પહોળી જમીન કોદાળીવડે ખોદવી પડે છે. સ્ત્રી મજુરોને ૧૬૦ હાથ લાંબી અને ૧૨ હાથ પહોળી જમીન નિત્ય ખોદવી પડે છે. ચાહનાં પાંદડાં તોડવાનાં હોય ત્યારે દરેકને દરરોજ ૧૨ રતલ પાંદડાં મેળવવાં પડે છે. આટલી બધી મહેનત કરવા છતાં મજુરોને પગાર શું મળે છે ? પુરૂષોને દર મહીને
[illegible] અને સ્ત્રીઓને ચાર રૂપીઆ ! ખોરાકના પૈસા આ પગા-
પાંચ [illegible] ! દરરોજ આટલું કામ ગમે તેમ
રમાંથી કાપી લેવામાં —.

મજબુત મજુરથી પણ થવું અશક્ય છે, છતાં તે તેમને ફરજ્યાત કરવું પડે છે. ઘણા મજુરો આટલું કામ કરી શકતા નથી ત્યારે તેમને ચાબુક અને નેતરની સોટીઓથી નિર્દયપણે ફટકાવી કાઢવામાં આવે છે; એટલે સુધી કે તેમના શરીરમાંથી લોહી નીકળી ચામડી રંગાઈ જાય તો પણ માર મારવાનું બંધ થતું નથી અને તેમને માટે નિશ્ચિત કરેલ શિક્ષા પુરી થતાં સુધી માર મારવાનું બંધ થતું નથી. આ તો મજુરોની નિત્યની શિક્ષા છે. ઓછું કામ કરવા માટે લગભગ દરેક મજુરને હમેશાં માર પડે છેજ. આવી ભયંકર શિક્ષા કરવાનું કારણ એજ છે કે ફરીથી કોઈ ઓછું કામ કરે નહી. આ ભયંકર શિક્ષાથી કોઈ મજુર માંદો પડે છે તે વખતે એ માલેકો એમની કાળજી રાખતા હશે એમ ધારવામાં આવતું હોય તો તે વિષે એટલુંજ જાણવું બસ થશે કે એવા માંદા મજુરોને દવાખાનામાં લઈ જવામાં આવે છે અને તેમાંના ઘણાઓ ત્યાંજ રામ શરણ (મૃત્યુ પામે છે) થાય છે. મજુરોને રહેવાની જગ્યા પણ શરદીવાળી હોવાથી તેમને વારંવાર તાવ આવે છે અને તેવે વખતે તેમની ક્વીનાઈન અને દુધવગરની સાબુચોખાની કાંજી સિવાય બીજું કાંઈ આપવામાં આવતું નથી. તેમાંથી જો ભાગ્ય હોય અને પુનઃ ગુલામગીરી તથા શિક્ષા નશીબમાં સરજાયલી હોય તોજ તે સાજો થઈ પાછો ધંધે વળગે છે. મંદવાડ, માર, શરદી અને ખોરાકની ખામીની અડચણને લીધે અશક્ત થએલા મજુરોને મંદવાડ દરમ્યાન પગાર મળતો નથી. જ્યારે પગાર મળે નહી, કામ થાય નહી, એટલે માર ખાઈને ખોરાક વિના તોને

અપવાસજ કરવાનો ? આવી કંગાલ સ્થિતીમાંથી મોત સિવાય કોઈ તેમને છોડાવનાર હોતુંજ નથી. આવી ગુલામગીરીમાંથી કોઈ મજુર નાશી જવાનો વિચાર કરે તો તેમ થઈ શકતું નથી. પ્રત્યેક મજુર પાસે પાંચ વરસનું એગ્રીમેન્ટ (ખત) લખાવી લીધેલું હોય છે અને તે દરમ્યાન જ્યાં નાશી જાય ત્યાંથી તેને બાંધીને પકડી લાવવામાં આવે છે અને તેને પાછો ઘાંચીની ઘાંણી કરતાં, ટ્રામનાં ઘોડા કરતાં કે મીલના મજુરો કરતાં વિશેષ કષ્ટ ભરેલા કામમાં જોડવામાં આવે છે. દરેક મજુરના ફોટા (છબીઓ) લીધેલા હોય છે તેથી તેને ઓળખવામાં કે પકડી લવવામા મહેનત પડતી નથી. નાશી ગયેલ મજુરને મજુરોનો એજંટ સત્વર પકડી પાછો મોકલી આપે છે અને તે પછી તે બિચારારીની દુર્દશાનું પુછવુંજ શું ? બગીચાવાળા મહાશયો પોતાના સામે ફરીયાદ કરનારા પોતા મજુરોના પોતેજ જડજ હોય છે; કેમકે તેમને થર્ડ કલાસ મેજીસ્ટ્રેટનો પાવર સરકારે આપેલો હોય છે. તેઓ સત્તાની સીમા ઓળંગવામાં મનસ્વીપણે વર્તે છે. હીંદી મજુરોની સ્વરૂપવાન સ્ત્રીઓને પણ કેટલીક વખત પોતાના પતિવ્રતની આહુતી આપવી પડે છે રાજી ખુશીથી તેમ નહિ કરે તો તેને તેમ કરવાની જરૂર પડે. કોન્ટ્રેકટમાંથી તેઓ છુટી શકતીજ નથી. ધણી અને ધણીઆણીના ફારગતી હમેશ મારેજ થાય છે. મુકાદમો હંમેશાં હાજરી રાખે છે તેથી સ્ત્રીઓને આડે માર્ગે ચડવું પડે છે. ચાહના પીનારા શેઠીઆઓ કહેશે કે આવી દુર્દશા ભોગવવી પડે છે ત્યારે ત્યાં જાય છે શું કરવા ? પરંતુ ખરી સ્થિતી એવી છે કે હિંદના કમબખ્ત કુલી એજન્ટો (મજુર

મોજશી આપનાર માણસો) તેમને પ્રથમ ૫૦-૫૦ રૂપીયાના પગારની લાલચ આપી ભુલ થાપ ખવરાવે છે અને તે બીચારા ગરીબ માણસો આશાને લીધે જાય છે; પણ પાછળથી હિંદી ખાડીમાં પડ્યા જેવું થાય છે."

ભાઇઓ ! દયા છે ? હૃદય છે ? બુદ્ધિ છે ? વિચાર શક્તિ છે ? શરમ છે ? તમારી જે ચાહને માટે હીંદી મજુરોને-તમારા બીચાર અને દુઃખી ભાઇઓને મરણ શરણ થતાં સુધી ગુલામગીરીની કાળ્કોટડી ભોગવવી પડે છે, જે ચાહને માટે તેમને શરદીવાળી ગંદી જમીનમાં હલકા ખોરાક ઉપર જીવન ગાળવું પડે છે, ચાહને માટે તમારા ભાઇઓને ચામડી ફાટી લોહીની ધારાઓ વરસતાં સુધી માર ખાવો પડે છે, જે ચાહને માટે નિરાશ્રિત હિંદી બહેનોને પોતાના પતિવ્રતની આહુતિ આપવી પડે છે અને પ્રાણથી વ્હાલા પતિને હંમેશને માટે બળાત્કારથી ફારગતી આપવી પડે છે; તે ભયંકર રાક્ષસી ચાહને મોટાઇના ડોળની ખાતર સ્વદેશી ચીજ ગણીને તમારા પેટમાં રેડતાં હજી પણ તમને કમકમાટી આવતી નથી. ! ! " મારે ઘેર તો રોજ દસ વખત ચાહ ઉકળે છે " ' મને ચાહ વિના ચાલેજ નહીં', ચાહ વિના મને ચાલતું નથી " વગેરે શરમ ભરેલા વાકયો બોલતાં હજી પણ કાંઇ લાગણી ઉત્પન્ન થશે નહી ? શું તમો ચાહ પીઓ છો ? અમે તો કહીએ છીએ કે ચાહ નથી, પણ હિંદી મજુરોની ચામડી ફાટી જે લોહી નીકળે છે તે છે. શું ચાહના પ્યાલામાં તમે લોહી જેવો રંગ જોતા નથી ? અમે તો કહીએ છીએ કે તે ચાહ નથી પણ પતિવ્રતા સ્ત્રીઓનાં નષ્ટ થતાં પતિવ્રતનાં

અશ્રુબિંદુઓ છે. શુ તમને ચાહદાનીના ઢાંકણા ઉપર એ બિ
દેખાતાં નથી ? અમે તો કહીએ છીએ કે એ ચાહ નથી પણ
માણસોની હાયવરાળ છે ! તમારા ચાહના ભરેલા પ્યાલા
નીકળતી વરાળ તમને તે વાતનું ભાન કરાવતી નથી ? શું
ચાહ પીતી વખતે ગરીબ મજુરોના પીઠ ઉપર પડતા ચ
મારનું હજી પણ સ્મરણ નહી થાય ?

મારા દેશી બાંધવો !! ચાલો આપણે પ્રતિજ્ઞા કરીએ કે ભ્ર
ભ્રષ્ટ વિદેશી ખાંડની મોટી મા દેશીઓનું રક્ત, સતીના શ્રાપ, બા-
ળકોની આળ, ગરીઓની હાય-ચાહ અમે અમારી જિંદગીમાં કદી
પણ પીશું નહીં ! બીજાઓને પીતાં અટકાવી સ્વદેશસેવા બજાવવા
યત્નો કરીશું. હૃદય વિનાના ગરીબોનો ઘાણ કાઢી સાઠના
કરી બનેલા શેઠીઆઓની આગળ રડીને, તેમને પગે પડીને,
કરીને, સમજાવીને, કરગરીને, તેમના હાથથી થતાં આ પા
ને બચાવવા પ્રયત્ન કરીશું. ઈશ્વર આવા કામમાં સહાયભુત



ધી શારદા વિજય પ્રિન્ટીંગ પ્રેસમાં
શા. હરજીવનદાસ અમરસીએ છાપી.
સાંથપીપળી—નડીઆદ.